## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*રહેતું નથી સ્થિર મન, હજી ભટક્યા કરે છે!*
*નથી ક્રોધ પર કાબૂને હજી ખટક્યા કરે છે!*
*વટક્યા કરે ને છટક્યા કરે છે વાત-વાતમાં -*
*માયા-મુક્તિ વચ્ચે ત્રિશંકુ જેમ લટક્યા કરે છે!*
*(જન્મદિને આત્મ નિરીક્ષણ...)*

**હાઈકુ**

*ફેલાવી ઝેર -*
*કામ, ક્રોધ ને મોહ -*
*પાપો નું મૂળ...*

*વેર ને ઝેર -*
*હું મારું ને તું તારું -*
*બાળે છે ઘર...*

### ચિંતન

**સ એષઃ પૂર્વેષામપિ ગુરુઃ કાલેનાડનવેચ્છેદાત્ ।**

ઉપરોક્ત શ્લોક પંતજલિ યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે કાળના કાળ વડે છેદાય નહિ તેવું અજર, અમર સ્વરુપ તે ગુરુ. એટલે કે અધ્યાત્મ જ્ઞાનયોગી ગુરુ પોતાના સ્વરુપે જીવતો નથી. પોતે પરમેશ્વરમાં અહમ્‌ભાવનો લય કરીને, સર્વભાવની શરણાગતિ સ્વીકારીને વસેલો હોય છે. એટલે બ્રહ્મજ્ઞાનીને કોઈ ગુરુપદવી, મહત્તા કે અહમ્‌ભાવ હોતો નથી. તેથી તે પરમેશ્વરમાં વસેલો છે.

પરમેશ્વર ગુરુમાં આવતો નથી પણ ગુરુરુપની તમામ કાર્યશક્તિ, સફળતા, નિષ્ફળતા, યોગશક્તિ આદિ દરેક ગુરુના કાર્યમાં પરમેશ્વર વસેલો હોય છે એટલે પરમેશ્વર તે સંભાળી લે છે. ગુરુ ને કે જ્ઞાનયોગીને કાંઈ કરવાનું રહેતું નથી પણ પરમેશ્વર જ કરે છે.

### સુવિચાર

- જો જાહિર કરના પજ જાએ વો દર્દ કૈસા...
  ઔર જો દર્દ કો ના સમજે વો હમદર્દ કૈસા... - **અંક્તિ પરવાના**
- ભય અથવા પ્રલોભન બેમાંથી એક પણ હજાર હશે ત્યાં સુધી પ્રેમ પ્રગટતો નથી અને જયાં સુધી પ્રેમ પ્રગટતો નથી ત્યાં સુધી પરમેશ્વર પ્રગટતો નથી - **બોધિવૃક્ષ**
- પાદુકા કર્મથી ન મળે, કૃપાથી મળે - **માનસસૂત્ર**
- દયાના સ્તરથી આપણે કરુણાના સ્તર સુધી ઊઠવાનું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'બાફયા વગર બટેટા મીઠાં ન થાય' - **દયાનંદ બાપુ**
- પ્રકાશ ગમે તેટલો હોય, પણ આંખ નહીં હોય તો દેખાય નહીં, જ્ઞાન પ્રકાશ છે, ભક્તિ આંખ છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : મરીનું ચૂર્ણ ઘી અને સાકરમાં લેવાથી ચક્કર આવતાં બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એડવિન લેંડ એક નવી નવી શોધકરનારો ખૂબ સમજુ અને સંવેદનશીલ વ્યક્તિ હતો. એ શોધ કરતાં કાર્યમાં ખૂબ જ વ્યસ્ત રહેતો. એની પુત્રીએ એકવાર બાજુ પર મૂકી તે પત્ની અને દીકરી ને લઈને ફરવા નીકળ્યો. દીકરીને એ ખૂબ ખુશ જોઈ આનંદીત થયો. એણે દીકરીના ઘણા બધા ફોટા પાડી દીધા. દીકરીએ પિતાને એક માસુમ સવાલ પૂછ્યો, 'પપ્પા મારો ફોટો મને બતાવો.' પિતાએ કહ્યું, 'બેટા, એ ફોટો હજી હમણાં તો પાડ્યો છે. તે અત્યારે જ બતાવી ન શકું. હજી તે ફોટા કલર લેબમાં ધોવા અને ડેવલપ કરવા જશે. પછી એની પોઝીટીવ પ્રિન્ટ આવશે જેમાં એક સપ્તાહનો સમય લાગે.' દીકરી એ એડવિનને કહ્યું, 'તો શું પપ્પા, કોઈ એવી શોધ ન થઈ શકે કે જેનાથી તરત ફોટા પાડો અને તેની પ્રિન્ટ તરત મળે??' દીકરીએ ફોટા જોવાની અદમ્ય ઈચ્છા પ્રગટ કરી. પિતાએ કહ્યું, 'હા, બેટા, એનો પ્રયત્નો કરીશ.' એડવિનને આ વિચાર એક મુશ્કેલ ચેલેન્જ લાગ્યો. તેણે સંશોધન શરૂ કર્યું અને પાંચ વરસના રિસર્ચ પછી એક એવો ઈન્સ્ટંટ કેમેરા (ફોલોરોઈડ) શોધ્યો. જેથી ફોટો પાડ્યા પછી તરત તેમાં પ્રિન્ટ મળે અને ફોટો જોઈ શકાય. આ પહેલા કોઈ કેમેરામાં આવી વ્યવસ્થા ન હતી. પત્રકાર પરિષદમાં આ શોધખોળનો યશ પણ તેમણે દીકરીને આપ્યો. તેમણે કહ્યું, 'જો દીકરીએ એમ ને માસુમ સવાલ ન કર્યો હોત તો આ શોધ આજે શક્ય ન બની હોત.'

# ખેડૂતોની લડાઈ છેક ખેતરોમાં પહોંચી

**તંત્રીસ્થાનેથી...**

સને ૧૮૮૫ની ૨૮મી ડિસમ્બરે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થઈ હતી. એકસો પાંત્રીસ વર્ષ જૂની આ રાષ્ટ્રીય પાર્ટીએ આટલાં વર્ષો દરમિયાન સ્વાભાવિક રીતે જ ઘણી લીલી સૂકી જોઈ હોય. એની સ્થાપના મૂળે કંઈ અંગ્રેજોને કાઢી મૂક્યા માટે નહોતી થઈ. એનો મુખ્ય ઉદ્દેશ હતો દેશી લોકોના પ્રશ્નો માટે બ્રિટીશ રાજ સમક્ષ ધા નાખવાનો. કાળક્રમે કોંગ્રેસને લોકમાન્ય બાળગંગાધર ટિળક જેવા જહાલ નેતા મળ્યા જેમણએ 'મરાઠા' અને 'કેસરી' જેવાં અખબારો મારફત સ્વતંત્રતાનો બૂંગિયો ફૂંક્યો : 'સ્વતંત્રતા માટો જન્મ સિદ્ધ હક્ક છે.' એના સમકાલીન નેતા ગોપાળકૃષ્ણ ગોખલે ધીમી ગતિએ આગળ વધવાના મતમા હતા. ગાંધીજીએ એમને રાજકીય ગુરુ તરીકે તરીકે સ્વીકાર્યા અને એમની સલાહ મુજબ દેશભ્રમણ આરંભ્યું - જેમાં ચંપારણ (બિહાર) ના ગળીના ખેડૂતોની સમસ્યા પછી એમને સત્યાગ્રહ જેવું અમોઘ, અહિંસક શસ્ત્ર સાંપડ્યું. ખેડૂતો સાથેનો કોંગ્રેસનો સંબંધ આટલો જૂનો છે. એનો એક છેડો ચંપારણના ગાંધીજીને અડે છે અને બીજો આજકાલ મોદી સરકારના કૃષિ કાયદાઓને 'કાળા કાયદા' તરીકે ઓળખાવી દિલ્હીની ઘેરાબંધી કરી રહેલા ખેડૂતોનું સમર્થન કરી રહેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાને સ્પર્શે છે. કોંગ્રેસ પાસે મોટા ગજાના નેતાઓ બચ્યા નથી. પરંતુ જે છે તે સક્રિય આંદોલન કરી શકે તો હજી કોંગ્રેસની મૃતપ્રાય કાયામાં નવા પ્રાણ ફૂંકાઈ શકે એમ છે. રાહુલ ગાંધીને પણ આ સત્ય સમજાયું હશે એટલે જ એટલે ગુજરાતમાં પાટીદાર આંદોલન ચલાવી નામાંકિત બનેલા હાર્દિક પટેલને પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ પદની નવાજેશ કરી હશે. ખેડૂત નેતાઓ સંદર્ભે કોંગ્રેસ અગાઉ જેવી સધ્ધર નથી રહી. પંડિત જવાહરલાલ નહેરુના સમયથી કૃષિ મંત્રાલયનાં મંત્રાલયો - ગૃહ, વિદેશ, નાણાં કે રેલવે પછીના નંબરે મુકાતું રહ્યું છે. જો કે અઢાર માસના લાલ બહાદુર શાસ્ત્રી શાસનકાળમાં દેશને વડાપ્રધાન તરફથી પાકિસ્તાન સામેના ઐતિહાસિક યુદ્ધ દરમિયાન જે નવું સૂત્ર મળ્યું હતું એમાં 'જવાન' અને 'કિસાન' નો જયજયકાર હતો. 'જય જવાન - જય કિસાન' ના શાસ્ત્રીજીના સૂત્રને અટલ બિહારી વાજપેયીએ 'જય જવાન - જય કિસાન - જય વિજ્ઞાન' કહી વિસ્તાર્યું હતું. કમનસીબે ભારતીય જનતા પાર્ટી કોઈ સાચા ખેડૂત આગેવાનને 'પ્રમોટ' નથી કરી શકી. સ્વ. સાહિબસિંહ વર્મામાં એ શક્યતાઓ પડેલી હતી પણ પાર્ટી મુખ્યત્વે વેપારઉદ્યોગને જ પ્રોત્સાહિત કરતી રહી એટલે એમને મોટી તક ન અપાઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે કે કોંગ્રેસ, એનસીપી કે બીજા પ્રાદેશિક પક્ષો પણ ખેડૂતને એનો માલ સીધો વેચવાની તક મળવી જોઈએ એવું કહ્યા જ કરતી હતી. અમે એ જ મુદ્દો પકડી નવા કૃષિ કાયદા બનાયા એથી હવે એ અવળી વાત કરે છે. નાના ખેડૂતોને નવા કૃષિ કાયદાઓથી ફાયદો જ થવાનો છે એવી એમની વારંવારની રજૂઆત છતાં હજારોની સંખ્યામાં પંજાબ-હરિયાણાના ખેડૂતો દિલ્હીની સીમાઓ સીલ કરીને બેઠા છે અને સરકારના લાખ પ્રયત્નો છતાં સમાધાન માટે તૈયાર નથી, તેઓ માને છે કે નવા કૃષિ કાયદાઓ કોર્પોરેટ કંપનીઓના ઈશારે બન્યા અને અંતે તો એની નાના અને સીમાંત ખેડૂતો એ કંપનીઓના બંધુના મજદૂર જ બની રહેશે. પંજાબના ખેડૂતોને આ મુદ્દે આંતરરાષ્ટ્રીય સમર્થન સાંપડ્યું છે. વળી અનેક સેલિબ્રિટીઝ પંજાબના ખેડૂતોના આંદોલનના ટેકામાં પોતાને મળેલ માન-અકરામ પરત કરી રહ્યા છે. ધર્મેન્દ્ર તો પ્રસિદ્ધ સિને અભિનેતા ભાજપની ટિકિટ પર બીકાનેર બેઠક પરથી ચૂંટાયેલા સાંસદ હતા, પણ એમને પણ ખેડૂતોની માગણી વાજબી ઠેરવી છે. ગુજરાતમાં ખેડૂત આંદોલનને ધાર્યું સમર્થન નથી મળ્યું. શરદ પવાર જેવો મોટા ગજાનો ખેડૂત નેતા તો નથી; ચીમનભાઈ પટેલ હયાત હતાં ત્યાં સુધી ગુજરાત ખેડૂત આંદોલનનું 'એપી સેન્ટર' હતું. શંકરસિંહ વાઘેલાને રાજીનામું આપવાની ફરજ પાડીને કોંગ્રેસે મોટી ભૂલ કરી હતી. વાઘેલા એમનું વજૂદ ટકાવવા એકલપંડે કોઈને કોઈ કાર્યક્રમ આવ્યા કરે છે. પ્રજાશક્તિ મોરચાના બેનર હેઠળ સાબરમતીથી દિલ્હી સુધીની કૂચની જાહેરાત કર્યા પછી એમને રાજય સરકારે 'વસંત વિહાર' ખાતે જ નજરકેદ કર્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ ખેડૂત ખેતરે પહોંચી જઈ ખેડૂતોને તથાકથિત 'કાળા કાયદા' સામે એકજૂટ થઈ આંદોલનમાં જોડાવાનું આહ્‌વાન કર્યું છે. કયારેક કોંગ્રેસ પાર્ટી રાજકીય પક્ષ કરતાં વિશેષ એક રાષ્ટ્રીય આંદોલન તરીકે ઊભરતી રહી હતી. એને ફરીથી પુનર્જીવિત કરવા માટે ખેડૂત આંદોલન એક સારું નિમિત્ત બની શકે એમ છે.

# આત્મનિર્ભરતાની ધમાલ...



**સહેજ મલકીએ!**

અનંત પટેલ

છાપાં અને ટીવી પર સરકારની આત્મનિર્ભર બનવાની જાહેરાતો જોઈ જોઈને અમારી પડોશમાં રહેતા ચીમનની વહુ ચંપાએ ઘરમાં એક સાંજે જાહેર કરી દીધુ, 'કાલથી આપણા ઘરમાં દરેકે પોતાનું કામ જાતે જ કરવાનું છે, સરકારે સૌને આત્મ નિર્ભર બનવાની જાહેરાત કરી છે તો આપણે પણ એમાં સાથ સહકાર આપવો જ જોઈએ ને ? કોઈને કામ ના આવડતું હોય તો શીખીને તૈયાર થઈ જવું પડશે હા...'

ચંપાએ આત્મનિર્ભરતા એટલે શું એના વિશે કોઈને ય પૂછ્યા વિના એની એના જેવી જ એક બે પડોશણોએ કીધું એ માનીને બધાએ ઘરમાં પોતાનું કામ જાતે કરી લેવું એવું ફરમાન બહાર પાડી દીધું હતું. જો કે ઘરમાં બધાં પોત પોતાનું કામ જાતે કરે એ તો ઉત્તમ કેળવણીની નિશાની ગણાય પણ અહીં શું પરિણામ આવ્યું તે જરા જોઈએ.

- સવારે ચીમનને જાતે બનાવેલી ચા કે નાસ્તામાં કાંઈ મઝા જ ન આવી, ચંપાને ઘેર કામ કરવા આવતી કામવાળીના ઘરે એનો પતિ જે પહેલાં ઘરનું બધું કામ કરી દેતો હતો તેણે પણ તેની પત્નીને બધું કામ જાતે કરી લેવાનું જ કહેતાં કામવાળી પોતાના ઘરના કામકાજથી જ પરવારી નહિ એટલે ચંપાના ઘરે આવી જ નહિ તેથી ચંપાને રસોઈ બનાવવામાં મોડું થઈ થયું.
- રસોઈમાં મોડુ થવાથી ઓફિસે જવા માટેની રોજની નિયત બસ ચીમન ચૂકી ગયો તેથી ઓફિસમાં એ મોડો પડ્યો અને એ કારણે ઓફિસના રજીસ્ટરમાં એની લેટ કમર (મોડા આવનાર ) તરીકેની એન્ટ્રી પહેલીવાર પડી.
- એના બોસને એનું કશુંક કામ હોવાથી એ સમયસર ન આવ્યો હોવાને કારણે એનો બોસ ધૂવાં પૂવાં થઈ ગયેલો તે એને જોતાં વ્હેંત જ બોલાવીને બરાબરનો ધમકાવી નાખ્યો.
- ચીમનનાં બે ય બાળકો સ્કૂલમાં મોડાં પહોંચ્યાં તો શાળાની ફરતે ચાર રાઉન્ડ મારવાની પનિશમેન્ટ એમણે ભોગવવી પડી.
- સાંજે મહેમાન આવતાં એમના માટે શોપિંગેથી નાસ્તો લાવવા એના દીકરાને ચંપાએ કહ્યું તો મારા બેટાએ લેવા જવાની ધરાળ ના પાડી દીધી...!
- આત્મ નિર્ભરતાના ભાગરૂપે ઓફિસમાં બોસે સ્ટાફને પાણી પાવા માટે રાખેલા વોટરબોયને છૂટા કરી દીધેલા જેથી ચીમનને પીવા માટે પાણી લેવા જાતે જવું પડ્યુ ઉપરાંત બોસની વાઈફ અને દીકરી અચાનક જ ઓફિસે આવી જતાં ચીમને એમને ય પાણી પીવડાવવું પડ્યુ!

ઓફિસથી કંટાળેલો ચીમન થાકી પાકીને રાત્રે નવ વાગે ઘેર પહોંચ્યો ત્યારે ચંપાએ રોજની જેમ પાણીનો ગ્લાસ પણ ના ધર્યો એટલે ચીમને પાણી તો જાતે પી લીધું પણ પછી એનાથી રહેવાયું નહિ એટલે ચંપા અને બે ય બાળકોને પાસે બોલાવી બેસાડીને સમજાવતાં, ના ના, ધમકાવતાં જ કહ્યું, 'જૂઓ ભાઈ, સરકારે દરેકને પોતાનું કામ જાતે કરીને આત્મ નિર્ભર બનવાની વાત કરી છે તેનો અર્થ એવો થાય છે કે આપણો દેશ અને દેશના મોટા મોટા ઉધોગો માટે અને આપણને જોઈતી જીવનની જરૂરી ચીજ વસ્તુઓ માટે આપણે અન્ય દેશો કે લોકો પર આધાર રાખવાને બદલે તે ચીજ વસ્તુઓ આપણા દેશમાં જ બનાવતા થઈ જવાનું છે....બધું દેશમાં જ બને એવું સરકારનું આયોજન છે, એનો અર્થ એવો નથી કે પતિ પત્ની અને બાળકો વગેરે જે અત્યાર સુધી એક બીજાનાં કામ કરતાં આવ્યાં છીએ તે બંધ કરી દેવાં...એટલે ચંપા તું બરાબર કાન ખોલીને સાંભળી લે, આવતીકાલથી આપણે પહેલાં જીવતા હતા એ રીતે જ જીવવાનું છે, આવાં બીજાં કશાં નાટક ફાટક મારે ના જોઈએ...!' ચીમનની વાત સાંભળી ચંપા પહેલાં તો ડઘાઈ ગઈ પણ તો ય એને પોતે ઉતાવળે કરેલા નિર્ણયની ભૂલનો અહેસાસ થઈ ગયો હતો , એટલે એ અને એનાં બંને બાળકો હસી પડ્યાં.... ચીમન પણ પછી તો રાજી થઈ ગયો...એને મનમાં થયું 'હાશ, આના મગજમાંથી આત્મ નિર્ભરતાનું ભૂત ઉતરી ગયું તે ....' આત્મનિર્ભર થવા માટે કશુંક બુધ્ધિપૂર્વકનું વિચારીએ કોઈની સલાહ લઈને આગલ વધીએ તો હેરાન ના થવાય, બરાબરને ?

મો. ૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

# જે જાતને જીતે છે તે જ સાચું પામે છે



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

બહારની લડાઈથી શું વળશે ? લડવાનું તો પોતાની જાત સાથે જ છે.

જે જાતને જીતે છે તે જ સાચું પામે છે.

વર્ષ ૨૦૨૦માં એક શાંત સરોવરમાં જે રીતે એક પથ્થર નાખવાથી વમળો સર્જાય તેમ 'કોરોના' રૂપી અવરોધ આખાયે વિશ્વની માનસિક અને શારીરિક સ્થિરતાને ખોરવી ગયો. ઘણું-બધું બદલાયું, ઘણું ગુમાવ્યું,ઘણું નવું પણ શીખાયું પણ સરવાળે તો વર્ષે નિષ્ફળ જ કરી ગયું. નિરાશા, હતાશા અને નિષ્ફળતાનો અહેસાસ આપણને આખાયે વર્ષ દરમિયાન રહ્યો. પણ આ સમયમાં જીવનમાં, આપણી આસપાસ બની રહેલી નાની-નાની ઘટનાઓમાં આપણે ખુશ થતા પણ શીખી જ લીધું. આપણે એકલા જ આ રીતે આ સમસ્યાનો સામનો નથી કરી રહ્યા પણ સમગ્ર વિશ્વ આ દુઃખમાં આપણું ભાગીદાર રહ્યું છે. કોરોનાએ વર્ષની શરૂઆતમાં આપણે ખૂબી ડરાવી દીધા અને ક્રમશઃ આપણે તેની સાથે લડતા અને હવે એની સાથે જીવતાં પણ શીખી જ ગયા.

**થવા દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે !**
**જવાની પર ભરોસો છે સદંતર, જોઈ લેવાશે !**
**બનીને બુંદ આલમનો સમુંદર, જોઈ લેવાશે !**
**સફર કરવા કરી છે હામ, અંતર જોઈ લેવાશે !...**
**જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં,**
**હવે શું આવશે એથી ભયંકર ? જોઈ લેવાશે !**
**જમાનામાં ગગન પર તારલા-શું સ્થાન તો લાધ્યું;**
**ચમકવું કેટલું ક્યારે ર વખત પર જોઈ લેવાશે !**

**- હેમન્ત દેસાઈ**

સમય નથી મળતો ઘરમાં નથી રહી શકાતું એવી ફરિયાદો સદંતર બદલાઈ જ ગઈ. શરૂઆતમાં આ Phase ક્ષણિક હશે તેમ માનીને આપણે તેના Normal થવાની રાહ જોતા રહ્યા. પણ સમયાંતરે આપણે પોતે જ આ સમસ્યાની સાથે રહીને પણ આપણા રોજિંદા કામકાજનું પ્લાનિંગ કરતા બન્યા. ઘરે રહીને જ કામ કરનારા આપણે સૌ ફરી એકવાર વ્યસ્ત બની જ ગયા. ઘરના નાના-મોટા કામ પણ સાથે મળીને કરતા થવા. સમય જ નથી મળતો એવી ફરિયાદ કરનારા આપણે સમયનું પોતાના કામકાજ અનુસાર પ્લાનિંગ કરતા શીખી ગયા. રઘુનાથજી નાયકે એક સરસ વાત લખી છે :

ઘણા લોકો બૂમો મારે છે કે, અમને સમય મળતો નથી. કામ કરનારા અનેક માણસો તો નજીવા દેખાતાં કામો કરવાની ફુરસદ મેળવી શકે છે. જેઓ પોતાના કામની અને સમયની વિચારપૂર્વકની યોજના કરે મજબ ચાલવાની ટેવ પાડે છે, તેઓ ઘણી ઉપાધિમાંથી બચી જાય પંદર મિનિટ જેટલા ટૂંકા સમયમાં માણસ શું શું કરી શકે તેના નામના આ જોઈએ :

૧૫ મિનિટમાં -

સામાન્ય ઝડપે સવા કિલોમીટર ચાલી શકાય;

સાઈકલ ઉપર ૩ કિલોમીટ. અંતર કાપી શકાય.

સામાન્ય પુસ્તકનાં પાંચ પાનાં વાંચી શકાય.

શરીરને તંદુરસ્ત રાખવા આસનો કે વ્યાયામ કરી શકાય.

મનને સ્વસ્થ રાખવા માટે પ્રાર્થના, ધ્યાન કે ચિંતન કરી શકાય.

ઘરના બે-ત્રણ ઓરડાની સફાઈ કરી શકાય.

પોતાનાં કપડાં ધોઈ શકાય.

ઘરનાં શાકભાજી સુધારી આપી શકાય.

અક્ષર સુધારવા તથા વિચાર સ્થિર કરવા ડાયરી લખી શકાય.

ટપાલના બે નાના પત્રો સારી રીતે લખીને ફરી વાંચી જઈ શકાય. તે ધ્યાનમાં એ રાખવાનું છે કે ૧૫ મિનિટનો જેમ સારો ઉપયોગ થઈ શકે છે, તેમ એનો દુરુપયોગ પણ થઈ શકે છે. કેટલાક ફરિયાદ કરે છે કે, અમને ફરવા જવાનો સમય નથી મળતો, નિરાંતે જમવાનો સમય નથી મળતો, ટપાલ લખવાનો સમય નથી મળતો. પરંતુ એમના અમૂલ્ય સમયની ચોરી અવ્યવસ્થા અને અવિચાર દ્વારા કેવી રીતે થાય છે તેટલું તપાસવાનો પંદર જ મિનિટનો સમય તો તેમણે પ્રથમ કાઢવો જ જોઈએ.

Last Seen :

**કંઈક વેળા કંઈક મુદ્દતને કશી માની નથી,**
**કોઈ વેળા એક પળને જિંદગી સમજી લીધી.**

- nehalgadhavi101@gmail.com

# વકીલો-ન્યાયાધીશ કેમ સફેદ શર્ટ પર કાળો કોટ પહેરે છે?



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

જુદા જુદા વ્યવસાયોમાં જુદા જુદા ડ્રેસ કોડ હોય છે. ડ્રેસ કોડ સંબંધિત વ્યક્તિની ઓળખ પણ કરે છે. જેમ કે, ડોકટરો સફેદ રંગનો એપ્રોન પહેરે છે. સિવિલ ઈજનેરો હેલ્મેટ પહેરે છે. એ જ રીતે, વકીલો હંમેશા બ્લેક કલરનો કોટ પહેરે છેપ ઘણીવાર તમે વકીલોને ફિલ્મોમાં અથવા રુટિન જીવનમાં જોયા હશે અને તમે સારી રીતે જાણો છો કે વકીલો ફક્ત કાળો કોટ અને સફેદ શર્ટ પહેરે છે. પરંતુ શું તમે જાણો છો કે વકીલો કાળો કોટ કેમ પહેરે છે, કોઈ અન્ય કોઈ કલરનો કોટ નથી? આ કોઈ ફેશન નથી, પરંતુ તેની પાછળ એક મોટું કારણ છે.

વકીલાતની શરુઆત વર્ષ ૧૩૨૭માં એડવર્ડ એડવર્ડ તૃતીયએ કરી હતી અને તે સમયે ડ્રેસ કોડના આધાર પર ન્યાયધીશોના પોશાકો તૈયાર કરવામાં આવ્યા હતા. તે સમયે જ્જ તેના માથા પર રુવાંટીવાળું વિગ પહેરતા હતા.હિમાયતના પ્રારંભિક સમયગાળામાં વકીલોને ચાર ભાગોમાં વહેંચવામાં આવ્યા હતા. જેમા- વિદ્યાર્થી, અરજદાર (વકીલ), બેંચર અને બેરિસ્ટર. આ તમામ જજનું સ્વાગત કરતા હતા.

તે સમયે કોર્ટે સોનેરી લાલ ડ્રેસ અને બ્રાઉન ઝભ્ભા પહેરાવ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૬૦૦માં વકીલોએ પહેરવેશમાં બદલાવ કર્યો અને ૧૬૩૭માં દરખાસ્ત કરવામાં આવી કે કાઉન્સિલે જાહેર જનતા અનુસાર કપડાં પહેરવા જોઈએ. ત્યારબાદ વકીલોએ લાંબા ગાઉન પહેરવાનું શરૂ કર્યું. તે સમયે માનવામાં આવે છે કે તે સમયના આ પહેરવેશ ન્યાયાધીશો અને વકીલોને અન્ય વ્યક્તિથી અલગ પાડે છે.

બ્રિટનની મહારાણી મેરીનું મૃત્યુ ૧૬૯૪માં શીતળાના કારણે થયું હતું, ત્યારબાદ તેના પતિ કિંગ વિલિયમ્સે તમામ ન્યાયાધીશો અને વકીલોને જાહેરમાં શોક માટે કાળા ઝભ્ભામાં એકઠા થવા આદેશ આપ્યો હતો.આ હુકમ ક્યારેય છોડાયો ન હતો, જેના પગલે વકીલો કાળા ઝભ્ભા પહેરે છે તે આજ સુધી પ્રથા ચાલી રહી છે. હવે કાળો કોટ વકીલોની ઓળખ બની ગયો છે.

## ક્યારથી થઈ આ શરૂઆત?

કાયદા ૧૯૬૧ હેઠળ અદાલતોને સફેદ બેન્ડ ટાઈ સાથે કાળો કોટ પહેરવાનું ફરજિયાત બનાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે આ કાળો કોટ અને સફેદ શર્ટ વકીલોમાં શિસ્ત લાવે છે અને તેમનામાં આત્મવિશ્વાસ લાવે છે.કાળા કપડાં પહેરે છે જ્યારે તેઓ કાનૂની વ્યવસાયમાં પ્રવેશ કરે છે. ખરેખર, ઈંગ્લેન્ડમાં કાળા કોટ પહેરવાની વકીલોની પરંપરા શરૂ થઈ. ભારતીય ન્યાયિક પ્રણાલી બ્રિટીશ સિસ્ટમથી ચાલે છે.

આથી જ ભારતીય અદાલતોમાં વકીલોના કાળા કોટ પહેરવાનો રિવાજ ચાલુ છે. ૧૮૬૫ માં, ઈંગ્લેન્ડના રોયલ ફેમિલીએ બીજા રાજા ચાર્લ્સ ના અવસાન પછી કોર્ટને કાળા કપડાં પહેરવાનો આદેશ આપ્યો. ત્યારથી જ કોર્ટમાં બ્લેક કોટ પહેરવાનો ટ્રેન્ડ શરૂ થયો. ભારતમાં ૧૯૬૧ માં, કાળા કોટને વકીલો માટે ફરજિયાત બનાવવામાં આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે આ ડ્રેસ કોડ વકીલોમાં શિસ્ત લાવે છે અને તેમનામાં ન્યાય પ્રત્યે આત્મવિશ્વાસ પેદા કરે છે

કાળા અને સફેદ પોશાકમાં વકીલોની ઓળખ કરવામાં આવે છે. ઘણા દેશોમાં વકીલોનો ડ્રેસ કોડ પણ જુદો છે. કેનેડાની જેમ વકીલો પણ લાલ અને સફેદ ડ્રેસમાં હોય છે, પરંતુ મોટાભાગના દેશોમાં ડ્રેસ કોડ બ્લેક-વ્હાઈટ હોય છે. ભારતમાં સ્ત્રી અને પુરુષ બંને આ ડ્રેસ કોડનું પાલન કરે છે. આજે આપણે જણાવી રહ્યા છીએ કે વકીલો ફક્ત કાળો કોટ કેમ પહેરે છે?

ઈંગ્લેંડથી શરૂ થયું .. ઈંગ્લેન્ડમાં બ્લેક એન્ડ વ્હાઈટ ડ્રેસ કોડની પ્રથા ૧૭ મી સદીમાં શરૂ થઈ હતી. આ રંગ આ રીતે પસંદ કરવામાં આવ્યો ન હતો, પરંતુ તેની પાછળ કેટલાક પ્રદેશો હતા. ૧૬૮૫ ના ફેબ્રુઆરીમાં કિંગ ચાર્લ્સ ડીતીયીનું અવસાન થયું. તે પછી લોકોએ શોક માટે કાળો અને સફેદ ઝભ્ભો પહેર્યો હતો. ત્યારથી તે વકીલો માટે સમાન ડિઝાઈન છે.

કાળો અંધત્વનું પ્રતીક છે અને એવું કહેવામાં આવે છે કે કાયદો અંધ છે અને અંધ લોકો કોઈની તરફેણ કરતા નથી. અને આ માન્યતા સાથે વકીલોના કોટનો રંગ કાળો રાખવામાં આવ્યો છે જેથી તે કોઈ પણ પક્ષપાત વિના પ્રામાણિકપણે પોતાનો કેસ કરી શકે. ૧૯૬૧ ના કાયદા હેઠળ, વ્હાઈટ બન ટાઈ સાથે વકીલો માટે ફરજિયાત કરવામાં આવ્યું હતું. એવું માનવામાં આવે છે કે

આ ડ્રેસ કોટ વકીલો માટે ન્યાય અને આદર લાવે છે. અને આપણે હંમેશાં જોયું છે કે વકીલો કાળા કોટવાળા સફેદ સર્ટિફિકેટ પહેરે છે. અને સફેદ વિશ્વાસ અને સત્યનું પ્રતીક છે, અને કાળો પક્ષપાત વિના વિશ્વાસનું પ્રતીક છે. અને આ કૃત્ય વકીલોના કોટ અને સફેદ ડ્રેસ અને કાળા કોટ સાથે નિશ્ચિત છે. જેથી તે ન્યાયમાં વિશ્વાસ કરે અને પોતાનો કેસ લડતી વખતે કોઈ તરફેણ ન કરે, જેથી કાળો કોટ તેને અનુભવે.

બ્લેક કોટ શિસ્ત આત્મવિશ્વાસનું પ્રતીક છે.. ભારતીય ન્યાયતંત્ર બ્રિટિશરોએ બનાવેલી પ્રણાલી જેવું જ છે, તેથી ભારતની અદાલતોમાં પણ વકીલોના કાળા રંગના કોટ પહેરવાની પ્રથા અત્યાર સુધી ચાલતી આવી છે. ભારતમાં, ૧૯૬૧ માં વકીલો માટે બ્લેક કોટ ફરજિયાત બનાવવામાં આવ્યો હતો. બ્લેક કોટ શિસ્ત આત્મવિશ્વાસનું પ્રતીક માનવામાં આવે છે.

બ્લેક તાકાત અને સત્તાનું પ્રતીક માનવામાં આવે છે.. કાળો રંગ અંધત્વનું પ્રતીક માનવામાં આવે છે, કોઈપણ રીતે એવું કહેવામાં આવે છે કે કાયદો અંધ છે, કારણ કે અંધ વ્યક્તિ કોઈની તરફેણ કરતો નથી. કાળો કોટ પહેરવાનો અર્થ વકીલો તેમના પક્ષકારો પક્ષપાત વિના લડે છે.

ગમે તે હવામાન હોય, વકીલો અને ન્યાયાધીશો હંમેશા કાળા કોટ પહેરેલા જોવા મળે છે. હવે તેમને આ કાળા રંગના કોટમાં જોતા, કાળા કોટ વકીલો માટે કેમ છે તે જાણવાની ઉત્સુકતા હશે જ. ચાલો તમને જણાવી દઈએ કે કાળા કોટ પહેરી વકીલોની પરંપરા ઈંગ્લેંડથી શરૂ થઈ હતી. ભારતીય ન્યાયતંત્ર ખુદ બ્રિટિશ પ્રણાલી દ્વારા ચાલે છે, તેથી ભારતની અદાલતોમાં પણ વકીલોના કાળા રંગના કોટ પહેરવાની પ્રથા અત્યાર સુધી ચાલતી આવી છે.

વર્ષો પસાર થયા અને આ પોશાક વકીલોની ઓળખ બની જે આજદિન સુધી બદલાયો નથી. કાયદા ૧૯૬૧ એ અદાલતોને સફેદ બેન્ડ ટાઈ સાથે કાળા કોટ પહેરવાનું ફરજિયાત બનાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે આ ડ્રેસ કોડ વકીલોમાં શિસ્ત લાવે છે. તે તેમનામાં ન્યાયમાં આત્મવિશ્વાસ પેદા કરે છે અને સમાજમાં તેમને એક આદરણીય સ્વરૂપ આપે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in